જિંદગી ટૂંકી હોય છે પણ
એમાં રહેલી કલા અમર
હોય છે
- હિપોક્રેટિસ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૯૧ | ૨૧ સપ્ટેમ્બર, ૨૦૧૩, શનિવાર; ભાદરવા વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# મનપામાં ગંદકીનો મામલો ગાજ્યો

## સફાઈ માટે ડી. પી. આર. ગઈકાલે મળ્યો છે : કમિશનર : લેન્ડ ફિલ્ડ સાઈટ માટે પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ સાથે વાત ચાલુ છે : લેન્ડ ફિલ્ડ સાઈઠને લઈ કામગીરી માત્ર કાગળ પર ચાલે છે નક્કર વિગતો જોઈએ : પ્રવિણ પટેલ : સે.૧૯માં જ કન્ટેઈનર નથી ઉપડતા : મીનાબા વાઘેલા : સોલીડ વેસ્ટ માટે રીટેન્ડરીંગ કરો : જીતુ રાયકા

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરમાં સફાઈના મુદ્દે આજે કોંગ્રેસે સત્તાધારી ભાજપને ભીંસમાં લીધો હતો અને આક્ષેપબાજીની એક પણ તક જતી કરી ન હતી.

આજે મળેલી સામાન્ય સભામાં સફાઈના મુદ્દે વ્હેલમાં ધસી આવતા ભાજપના સભ્યો આજે મૌન બેઠા હોવાથી આશ્ચર્ય થાય છે તેવો ટોણો કોંગ્રેસના નેતા ચીમન વિંઝુડાએ માર્યો હતો.

જો કે ભાજપના નેતા મનુભાઈ પટેલે જણાવ્યું હતું કે આજે સફાઈની કામગીરી સારી થઈ રહી છે.

ગાંધીનગર શહેરની લેન્ડફિલ્ડ સાઈટ ટૂંક જ સમયમાં તૈયાર કરવાની કામગીરી હાથ પર લેવામાં આવશે તેમજ આ માટે વ્હીકલ પૂલ અને વેબ્રીજની કામગીરી માટેની સાઈટો અંગેનો નિર્ણય તેના અંતિમ તબક્કામાં પ્રવેશી ચુક્યો હોવાનો નિર્દેશ આજે સામાન્યસભામાં મ્યુનિ. કમિશ્નરશ્રી પાડલિયાએ આપ્યો હતો.

ગાંધીનગર મહાનગરપાલિકાની આજે મળેલ સામાન્ય સભામાં કોંગ્રેસના શ્રી પ્રવિણ પટેલે આ મુદ્દો ઉપસ્થિત કરી અને છેલ્લી સ્થિતિનો ચિતાર રજુ કરવા માંગ કરી હતી.

શ્રી પ્રવિણ પટેલે જણાવ્યું હતું કે સ્વચ્છ શહેર અને સુંદર શહેર બનાવવાની વાતો કાગળ પર રહી ગઈ છે. તેમણે જણાવ્યું હતું કે વર્તમાન સાઈટ પર જાહેરમાં કચરો બાળી પર્યાવરણીય પ્રશ્નો ઉભા કરવાનું પાપ સત્તાધીશો કરી રહ્યા છે. તેમણે એમ પણ જણાવ્યું હતું કે પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની કામગીરી કેમ ધીમી છે તે સમજાતુ નથી.

મ્યુનિ. કમિશ્નરશ્રી પાડલિયાએ શ્રી પ્રવિણ પટેલે રજુ કરેલા મુદાઓનો પ્રત્યુત્તર પાઠવતાં એવો નિર્દેશ આપ્યો હતો કે લેન્ડફિલ્ડ સાઈટ માટે જગ્યાની ફાળવણી થઈ ગઈ છે. આ સાઈટ પર કામકાજ શરૂ કરવા માટે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ સાથે વાતચીતોનો દોર ચાલુ છે. પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની ઘણી બધી પૃચ્છાઓની પૂર્તતાઓ થઈ ગઈ છે અને ઘણી બધી નિર્ણાયક કામગીરી આ દિશામાં થઈ છે.

કમિશ્નરશ્રીએ જણાવ્યું હતું કે લેન્ડફિલ્ડ સાઈટ પર સોલિડ વેસ્ટ લઈ જવા માટે સંખ્યાબંધ વાહનોની જરૂરિયાત રહેશે અને તે ટુંક જ સમયમાં કોર્પોરેશનને ઉપલબ્ધ થશે. આ વાહનો માટે વ્હીકલપૂલ બનાવવા માટે તેમજ વે બ્રીજની જગ્યા માટે યોગ્ય રજુઆતો કરવામાં આવી છે. આ અંગેની કામગીરી પણ નિર્ણાયાત્મક તબક્કામાં હોવાનો નિર્દેશ તેમણે આપતાં જણાવ્યું હતું કે આપણે આ કામગીરી પણ ઝડપથી શરૂ કરી શકીએ તે રીતે આગળ વધી રહ્યા છીએ.

કોંગીના શ્રી જીતુ રાયકાએ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ અંગે એક

● અનુસંધાન પાન-૭ પર



ઓતરા - ચિતરાના તાપ - ચોમાસાનો અંતિમ તબક્કો હંમેશા પીડાદાયક હોય છે... વર્ષાના આગમનથી જેટલી ઠંડક અનુભવાય છે એટલી જ વિદાયથી ગરમી અનુભવાય છે... આજકાલ ગરમીની બોલબાલા છે... પારો ૩૬-૩૭ ડિગ્રીથી ઉપર ચાલે છે... અને ભેજ પણ ૬૫થી ૭૫ ટકા સુધીનો નોંધાય છે એટલે ગરમીમાં બફારો બેવડો ત્રાસ ગાંધીનગરમાં અનુભવાય છે... હજુ એકાદ વરસાદી ઝાપટાની આગાહી ક્યાંક-ક્યાંક થઈ રહી છે... પરંતુ તાપ દિન-પ્રતિદિન વધતો જ જાય છે... ભાદરવાની ગરમીએ ગાંધીનગરના માર્ગોને સુમસામ બનાવી દીધા છે.... (તસવીર : દિપક જાની)

# ...તો હું રાજીનામુ આપવા તૈયાર છુ : અશ્વિન વ્યાસ

## કોર્પોરેશનમાં બાયોલોજીસ્ટની જગ્યા તાકીદે ભરો : પંડ્યા

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરમાં ચિકનગુનિયા, ડેન્ગ્યુ જેવા રોગચાળાએ માથુ ઉંચક્યુ છે ત્યારે આ માટે ફોગીંગ મશીનો બંધ હાલતમાં પડ્યા હોવાથી તંત્રએ નવા મશીનો ખરીદવા જોઈએ તેવો આગ્રહ કોંગીના શ્રી અશ્વિન વ્યાસે કર્યો હતો. એક તબક્કે જો મશીનો ચાલુ હોય તો તેઓ આજે રાજીનામુ આપવા તૈયાર છે... તેમ જણાવતાં આજે સામાન્ય સભામાં સન્નાટો છવાઈ ગયો હતો.

મ્યુનિ. કમિશ્નરશ્રીએ તેમની વાતને ગંભીરતાથી લીધી હતી અને જણાવ્યુ હતુ કે બધા મશીનો ચાલુ છે. આ વખતે રોગચાળાએ માથુ ઉંચક્યુ છે એટલે કામગીરી વધી પણ છે કદાચ ક્યાંક મશીન ખોટકાયુ પણ હોય એનો અર્થ એવો નથી કે બધા મશીનો બંધ છે.

શ્રી અશ્વિન વ્યાસે જણાવ્યુ હતુ કે સે. ૨૨માં ઈન્દ્રપ્રસ્થ સોસાયટીમાં ફોગીંગની કામગીરી દરમ્યાન જ મશીન ખોટકાઈ ગયું હતું. અને ત્યાં કર્મચારીઓએ કહ્યું હતું કે મશીનો બંધ પડ્યા છે. જો આ વાત ખોટી હોય તો તેઓ રાજીનામુ આપવા તૈયાર છે આ પ્રજાની સુખાકારીનો મુદ્દો છે. તેમણે જણાવ્યું કે તંત્રની કામગીરીને લઈ તેઓ ફરિયાદ નથી કરતા પણ મશીનરી બંધ હાલતમાં છે અને સ્થિતિ વણસે તે પહેલાં નવા વસાવો.

મ્યુનિ. કમિશ્નરશ્રીએ જણાવ્યું હતું કે બધા મશીનો ચાલુ છે. એક સપ્તાહ પૂર્વે જ તેમણે આ વિગતો મેળવી હતી. કદાચ ક્યાંક કોઈ બગડ્યુ હશે તો તે ઝડપથી દુરસ્તી દૂર કરાવી દેવાશે. મ્યુનિ. કમિશ્નરશ્રીની હૈયાધારણ બાદ મામલો થાળે પડ્યો હતો.

કોંગીના શ્રી હર્ષજિત પંડ્યાએ કોર્પોરેશનમાં બાયોલોજીસ્ટની જગ્યા સરકારે ભરી નથી અને કોર્પોરેશને પણ ભરી નથી આ સ્થિતિમાં તે સત્વરે ભરાવી જોઈએ તેવી માંગ કરી હતી.

કમિશ્નરશ્રીએ જણાવ્યું હતુ કે હાલ જિલ્લા પંચાયતના મેલેરિયા અધિકારી વધારાનો ચાર્જ સંભાળી રહ્યા છે અને કામગીરી સારી ચાલી રહી છે.

હાર્દિક અભિનંદન



માવજીભાઈ દેસાઈ
ચેરમેન - ધી ડીસા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ડીસા

આપની બનાસકાંઠા જિલ્લાના વેપારી મથક ગણાતા ડીસાની ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના માર્કેટયાર્ડ ચેરમેન પદે બિનહરિફ વરણી થતાં તમારા મિત્રોમાં આનંદની લાગણી વ્યાપી છે, માવજીભાઈ આપ ઉપરોક્ત પદે શ્રેષ્ઠ કામગીરી કરી વધુ ને વધુ પ્રગતિ વિકાસ કરો તેવી શુભકામનાઓ સાથે....

મિત્રમંડળ - પાલનપુર સર્કલ

કદમભાઈ બી. લાટીવાલા — નલીનભાઈ આર. દોશી (બાદશાહ)
દિલીપભાઈ સી. શાહ — સંજયભાઈ એશ. દેસાઈ (હોટલ વે-વેઈટ)
કેતનભાઈ સી. નાયક — ડો. સંજયભાઈ મોદી
અજીતભાઈ ડી. અગ્રવાલ (તનુ મોટર્સ) — વિપુલભાઈ ડી. અગ્રવાલ (તનુ મોટર્સ)

# રિસર્વેની કામગીરી માટે યોગ્ય સમયે નિર્ણય

## ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં હજુ બિલો મળ્યો નથી તેમની પાસે વ્યાજ ન વસુલો : કાર્તિક પટેલ ; ગ્રામ્ય વિસ્તારમાં રિસર્વે પછી પણ તંત્ર પાસે વિગતો નથી : શૈલેન્દ્રસિંહ બિહોલા

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરમાં મિલ્કતવેરા માટે રિસર્વે કરાવવા બાબતે કોર્પોરેશનનું મન ખુલ્લુ છે પણ હાલ તે શક્ય નથી. યોગ્ય સમયે આ અંગે નિર્ણય લેવાશે તેવો સંકેત આજે મ્યુનિ. કમિશ્નરશ્રી લલિત પાડલિયાએ આપ્યો હતો.

મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણાના અધ્યક્ષપદે મળેલ સામાન્ય સભામાં ભાજપના શ્રી કાર્તિક પટેલે પુછેલા પ્રશ્નના ઉત્તરમાં મ્યુનિ. કમિશ્નરશ્રીએ જણાવ્યું હતું કે હાલ તો મિલ્કત વેરાના બિલો માટે જે કંઈ ફરિયાદો કે રજુઆતો મળે છે તે સાંભળી તેનો ઉકેલ લાવવામાં આવી રહ્યો છે.

મ્યુનિ. કમિશ્નરશ્રીએ જણાવ્યું હતુ કે મિલ્કતવેરાની આકારણી પુનઃ કરાવવા માટે સરકારના નિયમોમાં જોગવાઈ છે. તે સમય હજુ આવ્યો નથી.

તેમણે જણાવ્યુ હતુ કે રિસર્વેની કામગીરીમાં કોમ્પ્યુટર અને બાયસેગની મદદથી સમગ્ર વિસ્તારમાં કયો વિસ્તાર કયુ રહેણાંક સહિતની વિગતો ઉપલબ્ધ બની શકે છે આવી એક કંપનીની દરખાસ્ત મળી છે પણ તે ચકાસણી માંગી લે તેમ છે.

આ ઉપરાંત મેન્યુઅલી સર્વે પણ કરાવી શકાય છે. જે વિકલ્પ સારો હશે તે જે તે સમયે વિચારણામાં લેવાશે.

કોંગ્રેસના શ્રી શૈલેન્દ્રસિંહ બિહોલાએ ગ્રામ્ય વિસ્તારની મિલ્કતોની પુરી વિગતો ઉપલબ્ધ નહિ હોવાને કારણે હજુ પણ બિલો

● અનુસંધાન પાન-૭ પર



મોંઘી કાર પર સવાર : ગાંધીનગરમાં કપિરાજોની સંખ્યા નોંધપાત્ર છે... ગમે ત્યારે, ગમે ત્યાં હાજરી પુરાવતા કપિરાજો ક્યારેક હિંચકે, ક્યારેક કાર પર, ક્યારેક ઝાડ પર તો ખુલ્લા ઘરમાં પણ મજા લઈ લેતા હોય છે.... આંગણામાં પાર્ક કરાયેલી મોંઘીદાટ કાર પર ઝાડ પરથી સીધો કૂદકો મારતા ગાડીની શું દશા થાય છે એ તો માત્ર અનુભવે જ ખ્યાલ આવે છે... આ તસવીર પ્રતિકાત્મક છે... ગાંધીનગરમાં તો કપિરાજોની કાર સવારી ઠેર ઠેર જોવા મળે છે.... (તસવીર : કશ્યપ નિમાવત)

# ખેડૂતોના પાક વીમાના સંદર્ભે ગામડા બંધનું એલાન અપાશે

અમદાવાદ, તા.૨૦

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અર્જુનભાઈ મોઢવાડીયાએ આજે ગુજરાત ખેડૂતોના પાક વીમાના પ્રશ્ને રાજ્ય સરકારે કુલ ૫ લાખ ૯૬ હજાર ખેડૂતોએ મગફળી, એરંડા, બાજરી, મકાઈ અને કમોદના કુલ ૧૪ લાખ ૧૨ હજાર ૫૩૦ હેક્ટરના વાવેતરનો ૩૪૯૨ કરોડ ધીરાણ પાક વીમો ઉતરાવેલો તેની સામે રાજ્ય સરકારે માત્ર ૮,૦૮,૨૯૧ હેક્ટરનું જ વાવેતર થયું છે તેવું ખોટુ પાણી પત્રક બનાવીને વીમા કંપનીને આપતાં ખેડૂતોને મળવાપાત્ર રૂા. ૨૮૨૮ કરોડના પાક વીમાની રકમની સામે માત્ર રૂા. ૧૬૦૮ કરોડનો વીમો મળવાનો છે. અર્જુન મોઢવાડીયો રાજ્ય સરકારના કૃષિ વિભાગે કૃષિ વીમા નિગમને પુરા પાડેલ પાકના ઉત્પાદનના આંકડાઓ તથા પાકના વાવેતરના ાંકડાઓના માહિતી અધિકાર કાનુન હેઠળ મળેલા પત્રકો આપીને રાજ્ય સરકારે ગુજરાત અને ખાસ કરીને સૌરાષ્ટ્રના મગફળી પકવતા ખેડૂતોને કેટલુ જબરજસ્ત નુકશાન થયું છે તેની સિલસિલાબંધ હકીકતો બહાર પાડી હતી.

આજદિન સુધીનું સૌથી સસ્તુ સેલ છેલ્લા બે દિવસ
ગાંધીનગરમાં પ્રથમ વખત
લેડીઝ વેરમાં વેસ્ટર્ન ટોપ કુર્તી, ટીશર્ટ, લેગીન્સ, એન્કલ લેગીન્સ, ઝેગીન્સ, હેરમ, ફુલસાઈટ ટીશર્ટ
નાના બાળકોના ટીશર્ટ, હેરમ, ધોતી, લેગીન્સ, કાગો, શોટી, ટીબ્રેક, સરગ (કોટી), ચેક્સ કેપરી
ફક્ત રૂ. ૧૦૦, ૧૨૦, ૧૫૦માં મળશે.
ફેન્સી કુર્તી, ટ્રેડીશનલ કુર્તી, અનારકલી કુર્તી ૧૫૦૦થી ૨૦૦૦ની શો-રૂમની કિંમતની આઈટમો ફક્ત રૂ. ૫૦૦થી ૭૦૦માં સાથે લેગીન્સ ફ્રી
સ્ટોર નંબર-૧
હેન્ડલુમ & હેન્ડીક્રાફ્ટ એક્ષપો
સહીયર ગ્રાઉન્ડ, સેક્ટર-૬, ગાંધીનગર
પ્રીન્ટેડ પટીયાલા, દુપટ્ટા સેટ, ફક્ત રૂ.૧૮૦માં

